
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# ભક્તિ એક દર્શન એક વિજ્ઞાન



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

# ભક્તિ એક દર્શન એક વિજ્ઞાન

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

## છીપ અને વાંસની ફરિયાદ

દેવીઓ, ભાઈઓ ! જ્યારે સ્વાતિ નક્ષત્ર આવ્યું અને સ્વાતિ નક્ષત્રમાં વરસાદ પડયો તો વરસાદથી છીપમાં મોતી પેદા થઈ ગયું. વાંસમાં વંશલોચન પેદા થઈ ગયું. સૌએ ખુશી મનાવી, પરંતુ ઘણાએ ફરિયાદ કરી કે અમારી અંદર મોતી કેમ પેદા ન થયા ? થોડીક છીપો સિવાય બધી છીપો ભેગી થઈ ગઈ અને ફરિયાદ કરવા લાગી કે આપે અમારી અંદર મોતી પેદા કેમ ન કર્યા ?

અમારો પોકાર કેમ ન સાંભળ્યો ? સ્વાતિના ટીપાએ જવાબ આપ્યો કે આપનામાંથી જે છીપે મોં ખુલ્લું રાખ્યું હતું અને જે છીપોમાં મોતી પેદા કરવાની તાકાત હતી તેમને અમારી મદદ મળી અને મોતી પેદા થઈ ગયા. જે છીપોની બનાવટ મોતી પેદા કરી શકે એવી નહોતી અને મોં ખુલ્લું રાખ્યું ન હતું તે ખાલી હાથ રહી ગઈ. જે વાંસ વૃક્ષમાં કાણાં નહોતાં તેમાં વંશલોચન પેદા ન થઈ શકયું. વૃક્ષોની ફરિયાદ એમને મુબારક અને સ્વાતિબુંદોની સફાઈ એમને મુબારક.

આ ફરિયાદ તો થતી રહેશે કે અમે ભગવાનની ભક્તિ કરી, પૂજા કરી, ઉપાસના કરી, જપ-અનુષ્ઠાન કર્યા, તો પણ અમે ખાલી હાથ રહી ગયા. ફરિયાદ પોતાની જગ્યાએ સાચી છે તથા જવાબ અને સમાધાન એની જગ્યાએ સાચાં છે. આપે મોં કેમ ન ખોલ્યું ? આપે આપની અંદર એવી વિશેષતા પેદા કેમ ન કરી, જેનાથી અમારા સ્વાતિના બુંદ આપની અંદર પ્રવેશ કર્યા પછી મોતી બનાવવામાં સમર્થ બને ?

## પથ્થરોને પણ છે ફરિયાદ

મિત્રો ! એક વખત મુશળધાર વરસાદ પડયો. ચારે બાજુ પાણી પાણી થઈ ગયુ, પરંતુ પથ્થરોએ ફરિયાદ કરી કે અમને આ પાણીથી બિલકુલ ફાયદો ન થઈ શકયો. વર્ષાએ અમારી સાથે અન્યાય કર્યો, પક્ષપાત કર્યો. હજારો વર્ષોથી સહેજ પણ ઘાસ ઊગતું નથી. હજારો ઈંચ વરસાદ પડી ગયો, છતાં ઘાસનો એક અંકુર પણ ઊગ્યો નહિ. તો શું આ ફરિયાદ ખોટી છે ? ના, સો ટકા સાચી છે. આ તો વાદળોનો સરાસર અન્યાય છે, પક્ષપાત છે. તે ક્યાંક હરિયાળી ખાઈ દે છે તો ક્યાંક તળાવ બનાવી દે છે, પરંતુ આ પથ્થરોને કોઈ ફાયદો કરાવી શકતા નથી. શું સાહેબ ! આ ફરિયાદ સાચી છે ? હા, ફરિયાદ તો બિલકુલ સાચી છે, પરંતુ જવાબ એના કરતાં પણ વધુ સાચો છે. આપે આપની અંદર મુલાયમતા પેદા કેમ ન કરી ? જો આપે આપની અંદર મુલાયમતા પેદા કરી હોત, પોતાની અંદર ખાડા કર્યા હોત તો અમે આપની અંદર તળાવ તથા ઝરણા ભરી દીધાં હોત.

સાથીઓ ! સમાધાન પોતાની જગ્યાએ સાચું છે. ભગવાન પોતાની જગ્યાએ સાચા છે, ભક્ત પોતાની જગ્યાએ સાચો છે. અમે આપના માટે જપ, ધ્યાન, પૂજન, અનુષ્ઠાન કર્યા, ભજન કર્યા. આપની એ બધી વાત બરાબર છે, પરંતુ જપ- પૂજન કયા કામ માટે કરવામાં આવે છે ? એ આપે કેમ ન કર્યુ ? તો પછી આપને રીઝવવા માટે કયું કામ કરવામાં આવે છે ? નાચકૂદ તો કરીએ છીએ ! બેટા, ભગવાનને રીઝવવા માટે નાચકૂદ કરવાની કોઈ જરૂર નથી. આપનાં નાચકૂદ જોવાની ભગવાનને ફુરસદ નથી. ભાંડ અને વેશ્યાઓ જાતજાતના નાચ બતાવે છે, તમાશા કરે છે. બાજીગર જાતજાતની છલાંગો મારીને તમાશો બતાવે છે. બાળકોને ફોસલાવવા માટે એ બરાબર છે, પરંતુ મોટાઓને એ બધું જોવાની કોઈ ફુરસદ નથી.

## પાત્રતા છે કે નહિ

મિત્રો ! આપનું અનુષ્ઠાન જોવાની ગાયત્રી માતાને કોઈ ફુરસદ નથી. આપ કેટલી નાચકૂદ કરી શકો છો, કેટલી જાદુગરી બતાવી શકો છો એ બધું જોવાની એમને ફુરસદ ક્યાં છે ?

એમને એ જ ચીજ જોવાની ફુરસદ છે કે આપની અંદર પાત્રતા કેટલી છે ! આપને કોઈ સુખ મળ્યું કે નહિ અને સાંભળવાથી કોઈ ફાયદો નથી. આધ્યાત્મિકતાનો એક જ ઉદ્દેશ્ય છે અને તે એ કે માણસની પાત્રતાનો વિકાસ થાય. વાદળાં પાણી તો વરસાવી શકે છે, પરંતુ પાણીનો ફાયદો મેળવવા માટે ઘરમાં કોઈ વાસણ મૂકવું પડશે. આંગણામાં એક વાટકી મૂકી હશે તો એક વાટકી જ પાણી મળશે. જો ડોલ મૂકી હશે તો એક ડોલ ભરીને પાણી મળશે. ખાડો ખોદી રાખ્યો હશે તો ખાડો ભરીને પાણી મળશે.

મિત્રો ! આપે ભગવાનને, વાદળોને કોઈ ફરિયાદ ન કરવી જોઇએ. આપ આપની જાતને જ ફરિયાદ કરો કે આપણી અંદર આપણે પાત્રતાનો વિકાસ કેમ ન કર્યો કે જેથી ભગવાનને પણ જખ મારીને આવવું પડે. હવે તો હું એમ કહું છું કે આપણે જેમ ભગવાનના ચરણે પડીએ છીએ તેમ ભગવાને પણ જખ મારીને આપના ચરણે પડવું પડે એ માટે આપ ભગવાનને મજબૂર કરો, ભગવાન પર દબાણ લાવો, ભગવાનને લાચાર કરી દો, જેથી તે આપને મદદ કરે. આપ ભગવાનને લાચાર કેમ નથી કરતાં ? આપ ભગવાનને લાચાર કરો આપના ચરિત્ર દ્વારા, આપના ગુણ,કર્મ અને સ્વભાવ દ્વારા, વાસ્તવમાં ભક્તિનો આખો આધાર જે ઊભો થયો છે તે ભગવાન પર દબાણ લાવવા માટે નથી, પરંતુ આપની ઉપર દબાણ લાવવા માટે છે. ભક્તિ તો આપની અંદર પ્રેમ જગાડવા માટે કરવામાં આવે છે.

ક્યારે માનીએ કે ભક્તિનો વિકાસ થઈ રહ્યો છે.

સાથીઓ ! આપની અંદર પ્રેમ અંકુરિત થાય તો સમજવું જોઇએ કે આપની અંદર ભક્તિનો વિકાસ થઈ રહ્યો છે. હજી તો આપનું હ્રદય પથ્થર જેવું કઠોર છે, જેના લીધે આપને કોઈના પર દયા નથી આવતી. આપ કોઈના દુઃખથી પીગળતા નથી કારણ કે કોઈ મરવાનું હોય તો મરે એમાં આપણે શું ? આપણને ફાયદો થવો જોઇએ. કોઈનો જીવ જતો હોય તો ભલે જાય, અમને કાંઈ વાંધો નથી. આપ અમને વિટામિન લાવી આપો. બેટા, આપણે પથ્થરના બનેલા છીએ, કઠોર બનેલા છીએ. આપણે પથ્થર થઈ ગયા છીએ, આપણે કોઈના પર દયા કરવાની જરૂર નથી.

આપણા પડોશી દુઃખી ફરતા હોય તો ભલે ફરે, એમાં આપણે શું કરી શકીએ ? બીજાને આપણી સેવાની જરૂર હોય તો આપણે શું કરી શકીએ ? આપણા રૂપિયા એશઆરામમાં ખર્ચાઈ રહ્યા છે, સંગ્રહમાં ખર્ચાય રહ્યા છે, નકામાં લોકો માટે જમા થઈ રહ્યા છે તે એકએક પાઈની જે પછાત છે, જે ઘાયલ થઈને પડેલા છે. એ લોકોને જરૂર છે.

ના સાહેબ, અમે તો અમારા પૈસા કોઈને ન આપી શકીએ. અમે તો જમા કરીને અમારા સંતાનોને આપી શકીએ. અરે, તું પથ્થરનો બનેલો છે, પોલાદનો બનેલો છે, તું એવી ધાતુંનો બનેલો છે, જેને અષ્ટધાતુ કહી શકીએ. તારું કાળજું અષ્ટધાતુનું બનેલું છે, પોલાદનું બનેલું છે. જેનું દિલ અષ્ટધાતુનું, પોલાદનું બનેલું હોય તેને કોઈના પર દયા નથી આવતી. તે સેવા કરવા માટે સહેજ પણ તૈયાર નથી થતો. પોતાની ધોલાઈ તથા સફાઈમાં તેને જરાય વિશ્વાસ નથી હોતો. મિત્રો ! હું કેવી રીતે કહી શકું કે આ ભક્તિ છે ?

ઘૃણાજનક ભક્તિ-છળભર્યુ સ્વરૂપ

મિત્રો ! ભક્તિનું સ્વરૂપ પાછલા દિવસોમાં ખૂબ ઘૃણાજનક થતું ગયું. લોકોએ ભક્તિનો અર્થ પરાવલંબન કર્યો. ભગવાનની ખુશામત કરો અને ભગવાન પાસે આ માગો અને તે માગો.

આ પરાવલંબન આધ્યાત્મિકતાના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. મને જો કોઈ એમ કહે કે ચોર ખરાબ કે ભિખારી, તો હું ચોરને ઓછી સજા કરીશ અને ભિખારીને વધારે સજા કરીશ કારણ કે ભિખારીએ પોતાનું સ્વમાન ગુમાવી દીધું છે.

પોતાની આસ્થા ગુમાવી દીધી, પોતાનું સ્વાભિમાન ગુમાવી દીધું અને સર્વસ્વ ગુમાવી દીધું છે. ભીખ માગવા માટે તૈયાર થઈ ગયો. ચોરે ભીખ નથી માગી. ચોરે કહ્યું કે જે કોઈ જોખમ હશે તે ઉઠાવીશ, પણ હું મારી આબરૂ ગુમાવી શકતો નથી કે કોઈ આગળ હાથ ફેલાવી શકતો નથી. ચોર ચાલ્યો ગયો અને ધાડ પાડવા લાગ્યો, ખીસા કાપવા લાગ્યો અને જોખમ ખેડીને અગાશી પર ચડી ગયો.

કૂતરું કરડે તો ભલે કરડે, જખમ થાય તો ભલે થાય, જેલમાં જવું પડે તો જઈશ, માર પડશે તો માર ખાઈશ, પણ કોઈનીય સામે મારી આબરૂ નહિ ગુમાવું અને કોઈની સામે મફતમાં કશું માગવા માટે ચાપલૂસી નહિ કરું.

પરાવલંબી ન બનો.

સાથીઓ ! ભિખારી અને ચોરમાં હું ભિખારીને હું વધારે નાપસંદ કરું છું કારણ કે ભિખારીએ પોતાનું સ્વાવલંબન ગુમાવી દીધું, આત્મસન્માન ગુમાવી દીધું, નકામો થઈ ગયો. હવે જો તે ભગવાનનો ભક્ત થઈ જાય તો પણ હું શું કરી શકું ? મિત્રો ! ભગવાનની ભક્તિની રીત તો ખબર હોવી જોઇએ. સુદામાજી ઇચ્છા લઈને ભગવાન શ્રીકૃષ્ણ પાસે ગયા હતા કે મને કંઈક મળવું જોઇએ. સુદામાને ભગવાને કહ્યું કે ભાઈ સાહેબ ! અમારે ત્યાંના કાયદા અલગ છે. હું પહેલાં લોકો પાસે માગું છું કે આપની પાસે શું છે, કાઢો, પછી હું આપને આપવા માટે તૈયાર છું. જે કાંઈ આપની પાસે હોય તે પહેલાં મારા હવાલે કરો, પછી હું વિચાર કરીશ કે મારી પાસે જે છે તે હું આપને આપી શકું કે નહિ. સુદામાજી સંકોચવશ પોતાની પોટલીને બગલમાં દબાવીને બેઠા હતા. તેમણે જોયું કે ભગવાનની ભક્તિની રીત અહીંથી શરૂ થશે કે આપની પોટલીમાં જે કાંઈ છે તે મારા હવાલે કરો. ભગવાને પરાણે એમની પાસેથી પોટલી છીનવી લીધી. પોટલી જ્યારે ખાલી થઈ ગઈ ત્યારે ભગવાને કહ્યું કે આપ ખાલી થઈ ગયા. લો, હવે હું પણ ખાલી થાઉં છું. ભગવાન પાસે જે કાંઈ સામાન હતો તે બધો તેમણે દ્વારકાથી પોરબંદર મોકલી દીધો, સુદામાનગરમાં મોકલી દીધો. તેમણે કહ્યું, “આપ મારા માટે ખાલી ગઈ ગયા, તો હું આપના માટે ખાલી થઈ ગયો.”

મિત્રો ! ભક્તિની વાત અહીંથી શરૂ થાય છે. આપ પણ ત્યાંથી જ શરૂ કરો. એવું કદાપિ થઈ શકતું નથી કે મારી ચીજને હું સંતાડી રાખું, પણ આપની લઈશ. બેટા ! આ શક્ય નથી. આપણે ભગવાનની ખુશામત કરી શકીએ છીએ, ચોખા ખવડાવી શકીએ છીએ, અગરબતી કરી શકીએ છીએ. મુબારક હો આપની અગરબતી અને ચોખા. આપ એ આપની પાસે જ રાખો. સારું સાહેબ ! તો અમે ચોવીસ હજાર જપ કરી શકીએ છીએ. એ પણ આપને મુબારક. ચોવીસ હજાર જપ સાંભળવાની મને ફુરસદ નથી.

આપના ચોવીસ હજારના અનુષ્ઠાનમાં કોઈ ગીત નથી, કોઈ વાદન નથી.

ભક્તિનું વિજ્ઞાન સમજો

મિત્રો ! શું કરવું પડશે ? આપે અસલિયત સમજવી પડશે. અસલિયત કડવી છે. ભક્તિનું વિજ્ઞાન આપે જાણવું જોઈએ. ભક્તિનું વિજ્ઞાન એ છે કે માણસના જીવનમાં ભરપૂર પ્રેમ હોવો જોઈએ.

આપણે ભગવાનની આ વ્યાયામશાળામાં ભક્તિનો અભ્યાસ કરીએ છીએ, પ્રેમનો અભ્યાસ કરીએ છીએ. પ્રેમ કરવાનો અભ્યાસ કેવી રીતે કરવામાં આવે છે ? પ્રેમ કેવી રીતે થાય છે તે તો જરા બતાવો.

દુનિયામાં પ્રેમ કરવાની એક જ રીત છે કે જેને આપણે પ્રેમ કરીએ છીએ તેને કંઈક આપીએ છીએ. બાળકોને આપણે પ્રેમ કરીએ છીએ તો તેમને રમકડાં, ચોકલેટ વગેરે લાવી આપીએ છીએ. ફુગ્ગા અને કપડાં લાવી આપીએ છીએ કારણ કે આપણે તેમને પ્રેમ કરીએ છીએ. પત્નીને આપણે પ્રેમ કરવીએ છીએ, તેને માટે સેંટની શીશી લાવીએ છીએ. સિનેમાની ટિકિટ લાવીએ છીએ. પ્રેમમાં આપવા સિવાય બીજું કંઈ જ નથી હોતું.

આપની પાસે જો ભગવાનની ભક્તિ છે, તો આપવાનું શરૂ કરો. જેવી રીતે આપણે અગરબતી, ચંદન, કંકુ, ફૂલ મિષ્ટાન વગેરે આપીએ છીએ. આપો, આપવાની શરૂઆત છે ભગવાનની ભક્તિ. ભક્તિનો અર્થ છે પ્રેમ અને પ્રેમનો અર્થ છે આપવું.

આપ્યા પછી લો

મિત્રો જ્યારે આપણે આપવાનું શરૂ કરીએ છીએ તો શું થાય છે ? મેળવવા માટે આપણે આપણી જાતને પાત્ર સાબિત કરી શકીએ છીએ. આપણે નાકથી ગંદી હવા કાઢી નાંખીએ છીએ, તો આપણે નવો શ્વાસ મેળવવાના અધિકારી બની જઈએ છીએ. જ્યારે પેટમાંથી ભરેલા મળને કાઢી નાંખીએ છીએ, તો નવો ખોરાક મેળવવાના અધિકારી બની જઈએ છીએ. નવો ખોરાક મેળવવા માટે આપવાનું જરૂરી છે.

જ્યારે વૃક્ષ જૂના પાંદડાંને ખેરવી નાંખે છે, તો પછીથી તેને નવી કૂંપળો મળે છે. ના સાહેબ ! અમને પહેલાં નવી કૂંપળ આપો, પછી અમે જૂના પાંદડાં ખેરવી નાંખીશું. ના બેટા ! એવું થઈ શકતું નથી. પહેલાં જૂના પાંદડાં ખેરવી નાંખ, પછી નવી કૂંપળ મેળવ. ના સાહેબ ! અમે જૂના પાંદડાં તો રાખીશું, છતાં અમને નવી કૂંપળો પણ આપો. ના, એમ થઈ શકતું નથી.

બેટા ! જૂના પાંદડાં ખેરવવા પડશે, ત્યારે જ નવી કૂંપળો મળશે. ભક્તિ એનું જ નામ છે. ભાવાવેશનું નામ ભક્તિ નથી.

ભાવાવેશ ભક્તિ નથી.

સામાન્ય લોકો ભાવાવેશને ભક્તિ કહે છે. તેમની દૃષ્ટિએ ભક્તિ કેવી હોય છે ? તેમની દૃષ્ટિએ ભક્તિ એ હોય છે કે જેમાં માણસ નાચે છે, કૂદે છે, ઊછળે છે, આંખમાંથી આંસુ પાડે છે. આવી ભક્તિનો તમાશો તો મેં અનેક જગ્યાએ જોયો છે. હું આપને નામ બતાવવા નથી માગતો કારણ કે આપ સૌ પણ જાણતા હશો. એક વખત હું ત્યાં ગયો, તો તે લોકો મને કીર્તનમાં લઈ ગયા. કહે, અરે સાહેબ ! આવું કીર્તન તો આપે ક્યાંય નહિ જોયું હોય. અમે એવું કીર્તન બતાવીશું. ત્યાં ગયો. મેં મારી જિંદગીમાં આવું સારું કીર્તન ક્યાંય જોયું ન હતું. લોકો એવા નાચી રહ્યા હતા અને નાચતા નાચતા ચૈતન્ય મહાપ્રભુની જેમ બેહોશ થઈ જતા હતા. ચૈતન્ય મહાપ્રભુ વિશે સાંભળ્યું હતું કે તેઓ જ્યારે કીર્તન કરતા હતા ત્યારે બેહોશ થઈ જતા હતા, પડી જતા હતા અને જો કોઈ આવી ચડતું તો તેને વળગી પડતા હતા અને રોવા લાગતા હતા, હસવા લાગતા હતા. તેમનું સાનભાન ગાયબ થઈ જતું હતું. બરાબર એવું જ કીર્તન મેં એકવાર જોયું. લોકો “હરે રામા, હરે કૃષ્ણા” ગાઈ રહ્યા હતા, પરસ્પર વળગી પડતા, પડી જતા, ઊભા થતા, ખૂબ મજેદાર કીર્તન થઈ રહ્યું હતું. મેં કહ્યું કે ભાઈ આ તો બહુ જબરદસ્ત કીર્તન છે. અરે ગુરુજી ! આપને સાચી વાતની ખબર નથી કે મામલો શું છે. શું છે કહો તો ખરા. આજે રવિવારનો દિવસ છે. એમણે સવારથી જ બધી તૈયારી કરી રાખી છે. આ લોકો વકીલ, મુનશી વગેરે જેવા ખૂબ મોટા લોકો છે અને શરાબ પીવે છે.

શરાબ પીને આને ભક્તિનું સ્વરૂપ આવી દીધું છે. કીર્તન કરે છે અને આ બધા શરાબના નશામાં ચૂર રહે છે. નશામાં ચકચૂર બનીને “હરે રામા, હરેકૃષ્ણા” કરી રહ્યા છે, ઉછળકૂદ કરે છે, આંસુ વહાવે છે. કહી રહ્યા છે કે ભાવાવેશ આવી ગયો, ભક્તિનું ભૂત  છવાઈ ગયું, ભૂતની ભક્તિ આવી ગઈ. શું આ ભક્તિ છે ?

મિત્રો ! ભક્તિ આવી હોઈ શકતી નથી. ભક્તિને આ ભાવો સાથે કોઈ સંબંધ નથી. આ ક્ષણિક આવેશ છે. ક્ષણભરમાં પ્રેમનો આવેશ આવી શકે છે. આવેશમાં કોઈ દમ નથી અને કોઈ સાર્થકતા પણ નથી. મિત્રો ! ભક્તિનો સંબંધ જેવો સામાન્ય લોકો સમજે છે તેવો નથી. ગુરુજી ! પહેલાં અમને ભગવાન પર ખૂબ પ્રેમ આવતો હતો, પણ હવે તો ઠંડો થઈ ગયો. બેટા, એ તો ભાવાવેશ છે. જ્યારે કોઈ આત્મીય વ્યક્તિનું મૃત્યુ થાય છે, તો માણસને ખૂબ રોવું આવે છે. મહિના પછી જ્યારે કોઈ પૂછે છે કે આપના પિતાજી મરી ગયા, તો તે જ કહે છે કે હા સાહેબ ! પિતાજીની ઉંમર થઈ હતી અને મરી ગયા. હવે તો અમારું બધું કામ ચાલી રહ્યું છે. રોવું એ શું છે ? ભાવાવેશ છે. એવી જ રીતે લગ્ન થયા ત્યારે તો ખૂબ પ્રસન્નતા થતી હતી. ખૂબ ઊછળી રહ્યા હતા કે આજે લગ્ન થઈ રહ્યાં છે. લગ્ન થયે બે વર્ષ થઈ ગયા. કેમ સાહેબ ! લગ્નનો દિવસ છે, આજે તો ખુશ છો ને ! અરે સાહેબ ! આ તો આફત આવી ગઈ. પત્ની આવી, બાળકો થઈ ગયા. હવે તો કોઈ ખુશી નથી. તો એ દિવસે તો કેટલી ખુશી થઈ રહી હતી? ભાવાવેશ ક્યારેય ટકાઉ નથી હોતો.

ભક્તિ એક દર્શન એક વિજ્ઞાન

સાથીઓ ! કોઈનો ભાવાવેશ ક્યારેય ટકાઉ હોઈ શકતો નથી. ભાવાવેશ જશે ત્યારે જ ભક્તિ આવશે. ભક્તિને જો આપ ભાવાવેશ માનતા હો, તો હું કહું છું કે આપ ભૂલો છો. ભક્તિનો અર્થ આપ નાચકૂદ માનો છો અને નાચકૂદ કરીને ભગવાનને મેળવવાનો ઢોંગ કરો છો. એ આપનો ફક્ત ભાવાવેશ છે અને અજ્ઞાન છે. ભક્તિ એક સિદ્ધાંત પર ટકેલી છે, એક આદર્શ પર ટકેલી છે. ભક્તિ એક ફિલોસોફી છે, ભક્તિ જીવનની એક પ્રક્રિયા છે. જો આપ તે ગ્રહણ કરી શકતા હો તો હું આપને વિશ્વાસ આપી શકું છું કે ભક્તિ આપને ફાયદો જરૂર બતાવશે અને ભક્તિનો ચમત્કાર જરૂર જોવા મળશે,

ભક્તિનું આ જ અજ્ઞાન અત્યારે ચારે બાજુ ફેલાયેલું છે. ભગત અને ભક્તિ બંને ડૂબવાના છે.

મિત્રો ! ભગત અને ભક્તિની એક જમાનામાં એવી આફત આવી ગઈ હતી કે દેવીદેવતાઓની ગુલામીને લોકો પોતાનો ધર્મ સમજવા લાગ્યા હતા. દેવીને આમ પ્રસન્ન કરીશું, દેવતાને આમ પ્રસન્ન કરીશું. એટલી મોટી આફત આવી ગઈ હતી કે પ્રત્યેક માણસ પોતાના કર્તવ્યોનો ત્યાગ કરીને, પોતાના પુરુષાર્થનો ત્યાગ કરીને, પોતાના ગૌરવનો ત્યાગ કરીને હજામની જેમ દેવીદેવતા હજામત કરવા તૈયાર થઈ ગયો હતો. કોની હજામત કરશો ? દેવીની હજામત કરીશું, મહાદેવજીની હજામત કરીશું. અરે સાહેબ ! પહેલાં પોતાની હજામત તો કરો. અમારી હજામત કરતાં તો આવડે છે. હવે મહાદેવજીની હજામત કરીશું. લોકોએ દેવતાઓની હજામત કરવાને ભક્તિ માની લીધી હતી. મિત્રો ! ભક્તિનો એક ઇતિહાસ હું જાઉં છું કે પાછલા દિવસોમાં તેનું કેવું મોટું રિએકશન હતું, કેવી મોટી પ્રતિક્રિયાઓ થઈ હતી. ઋષિઓ, તત્વદર્શીઓએ કહ્યું હતું કે આવી ભક્તિ નકામી છે. હઠાવો આ ભક્તિને, જે વ્યક્તિને કર્તવ્યવિમુખ બનાવે છે !

મિત્રો ! જ્યારે ભગવાન ભક્તિ વિના પ્રસન્ન નથી થઈ શકતા. તો ચાલો હું ભક્તિનો કાંટો કાઢી નાંખુ છું. ભગવાન બુદ્ધ આવ્યા. એમણે શૂન્યવાદની સ્થાપના કરી. શૂન્યવાદ એટલે નાસ્તિકવાદ. નાસ્તિકવાદ એટલે ભગવાન એવા નથી, જેમને ખુશામતથી મેળવી શકાતા હોય. ભગવાન બુદ્ધની આખી ફિલોસોફી વાંચો, એ શૂન્યવાદની ફિલોસોફી છે. તેમણે કહ્યું કે કોઈ ભગવાન નથી, શૂન્ય છે. એમણે ભગવાનને માનવાનો ઇન્કાર કરી દીધો અને કહ્યું કે દુનિયામાં કોઈ ભગવાન નથી. જ્યારે આ બુદ્ધવાદ આખી દુનિયામાં ઝડપથી ફેલાતો ગયો, તો શું આપ એમ માનો છો કે આસ્તિકતાનો સિદ્ધાંત ભગવાનને ન માનવાનો નબળો પડી ગયો ? ના. તેમાં સિદ્ધિઓની ઓટ આવી ? ના. ચમત્કારમાં કોઈ ઓટ આવી ગઈ ? ના. મનુષ્યના ગૌરવમાં કોઈ ઓટ આવી ? ના, કોઈ ઓટ ન આવી. એમણે ભગવાનને માનવાનો ઇન્કાર કરી દીધો તો પણ કોઈ ઓટ ન આવી.

## બુદ્ધનું ઉદાહરણ

મિત્રો ! બુદ્ધ પોતે ભગવાન બની ગયા અને ભગવાનની અંદર જે વિશેષતા હોવી જોઇએ, જે ગૌરવ-ગરિમા હોવા જોઇએ, જે ચમત્કાર હોવા જોઇએ, જે સિદ્ધિઓ હોવી જોઇએ તે બધું જ તેમની અંદર હતું. અંગુલિમાનલ એમની સામે આવ્યો, તો ધ્રૂજવા લાગ્યો. તેમણે કહ્યું કે તારી પાસે તલવારની તાકાત છે, તો ચલાવ. અંગુલિમાનલ જ્યારે તલવાર ચલાવવા તૈયાર થયો, તો તેમણે કહ્યું કે મારી પાસે આવીને તલવાર ચલાવ, ત્યાંથી જ શું બતાવે છે ? પાસે આવ્યો તો ધ્રૂજવા લાગ્યો. જમીન પર પડી ગયો, તો ભગવાન બુદ્ધે તેની તલવાર ઉપાડીને ફેંકી દીધી. તેમણે કહ્યું, "મૂરખ કોના પર તલવાર ચલાવે છે ? આત્મા પર તું તલવાર ચલાવીશ કે છે ? અહીં આવ. તેમણે તેના માથા પર હાથ ફેરવ્યો અને કહ્યું કે જા, આજથી તું ડાકું નથી, સંત છે. અંગુલિમાલ સંત બની ગયો. તેને હિન્દુસ્તાનની બહાર વિદેશ મોકલી દીધો. તે કમ્બોડિયા ગયો, બર્મા ગયો, જાવા ગયો, સુમાત્રા ગયો અને જેટલા મધ્યપૂર્વીય દેશો છે ત્યાં તે ફરતો રહયો."

એવી જ રીતે આમ્રપાલી નામની એક વેશ્યા આવી હતી ભગવાન બુદ્ધના શીલને ડગમગાવવા. જ્યારે તેમની પાસે આવી તો ધ્રૂજવા લાગી અને જમીન પર પડી ગઈ. કહેવા લાગી કે પિતાજી ! હું તો નકરનો કીડો છું. આપની પાસે ઉદ્ધાર માટે આવી છું. તેમણે કહ્યું, બેટી ! તું નરકનો કીડો નથી. તું કન્યા છે. આજથી તારી અંદર રહેલી વેશ્યાનું મૃત્યુ થઈ ગયું. આજથી તારી અંદર સંતનો જન્મ થઈ ગયો. એમણે માથા પર હાથ ફેરવ્યો તો આમ્રપાલી વેશ્યામાંથી સંત થઈ ગઈ અને સંઘમિત્રાની જેમ તે હિન્દુસ્તાનની બહાર ગઈ હતી. તે શ્રીલંકા અને બીજા દેશોમાં ગઈ અને તેણે અસંખ્ય વિહારો બતાવ્યા. નાલંદાનો બૌદ્ધવિહાર તેના જ પૈસામાંથી બન્યો હતો. તક્ષશિલા વિશ્વવિદ્યાલય રાજા હર્ષવર્ધનના પૈસામાંથી બન્યું હતું, પરંતુ નાલંદા વિશ્વવિદ્યાલય આમ્રપાલીના પૈસામાંથી બન્યું હતું. આમ્રપાલી તેની સંચાલિકા અને સંસ્થાપિકા હતી. ભગવાન બુદ્ધે તેની શાન બદલી નાંખી. તેમણે હર્ષવર્ધનને શું નો શું બનાવી દીધો. તેમણે અશોકને શું નો શું બનાવી દીધો. સમયને એમણે કયાંનો કયાં બદલી નાંખ્યો.

જેમાં પાપ અને અનાચારની ધારાઓ વહી રહી હતી તે સમયે પોતાની તાકાતથી ઉખેડીને ફેંકી દીધો. તેઓ શક્તિના પુંજ હતા.

મિત્રો ! નાસિતકતાના કારણે શું ભગવાન બુદ્ધમાં કોઈ ખોટ આવી ગઈ ? ના બેટા ! કોઈ ખોટી નથી આવી અને ન આવી શકે. ભગવાનને માને કે ન માને, પણ જો માણસ આસિતકતાના સિદ્ધાંતને પોતાના જીવનમાં ધારણ કરી શકે તો તે ભગવાનનો સાચો ભકત બની શકે છે. સાચો ઈશ્વરવાદી બની શકે છે, જેવી રીતે ભગવાન બુદ્ધ ઈશ્વરને નહોતો માનતા, છતાં પણ ભગવાન થઈ ગયા. મિત્રો! વિગત દિવસોમાં ભક્તિના નામે ફેલાયેલું અજ્ઞાન, જેને આપણે પરાવલંબન કહીએ છીએ, તેના એક અમેરિકન મહિલાએ ખૂબ વ્યંગ ઉડાવ્યો છે, એ મહિલા હિન્દુસ્તાન આવી હતી. તેણે એક ખૂબ મજેદાર પુસ્તક લખ્યું છે – "સ્લેવ્સ ઑફ ધી ગોડસ" દેવતાઓના ગુલામ, ક્યારેક તક મળે તો આપ એ વાંચજો.

હિન્દુસ્તાની બૌદ્ધિક દૃષ્ટિએ ગુલામ છે અને એવા ગુલામ છે કે કોઈકની પણ ગુલામી કર્યા વિના જીવી શકતા નથી. એટલે એણે એ હિમાયત કરી કે જે જમાનામાં અંગ્રેજો અહીં આવ્યા હતા તે વખતે હિંદુઓ ગુલામી વિના રહી શકતા નહતા. એટલે તેમને કોઈકના તો ગુલાબ રહેવું જ પડે. રાજનૈતિક દૃષ્ટિએ તો શું ભાવનાત્મક દૃષ્ટિએ પણ તેઓ ગુલામ છે.

તેણે પોતાના પુસ્તકમાં વારંવાર આક્ષેપ કર્યો છે કે તેઓ ગુલામ છે. દેવતાઓ વિના તેઓ પોતાના બાળકોના લગ્ન કરી શકતા નથી કારણ કે સૂર્યદેવતા આથમી ગયા. હવે લગ્ન ન થઈ શકે. ઓ હો, હવે સૂરજ ક્યાં ગયો ? હવે દિલ્હી જવું છે તો તે કઈ દિશામાં છે ? સારું, એ દક્ષિણ દિશામાં છે. ત્યાં તો બૃહસ્પતિજી દિશાશૂળ લઈને બેઠા છે. દિલ્હી તરફથી ગાડીમાં બેસીને જઈએ તો દિશાશૂળ તીર ચલાવી દેશે અને મારી નાંખશે. આજે દિલ્હી ન જશો. ઓ હો ! આ દિશાશૂળ છે, તેથી હવે યાત્રા નહિ થઈ શકે. ચૂલો બનાવવા માટે મુહૂર્ત, ચક્કી બનાવવા માટે મુહૂર્ત, લગ્ન કરવા માટે મુહૂર્ત, બધાં જ કામ માટે મુહૂર્ત, મુહૂર્ત વિના તેઓ કઈ જ કરી શકતા નથી. ચારે બાજુ બેઠેલાં દેવીદેવતા એમને પકડી લેશે અને કામ આમળશે,દાંત  તોડી નાખશે. દેવતાઓ વિના તેમનો છૂટકો નથી.

વાસ્તવિકતા શું ?

તેણે કહ્યું કે માનસિક દૃષ્ટિએ તેઓ એટલા પરાવલંબી છે કે પોતાના જીવનની સમસ્યાઓનું સમાધાન કરવા માટે દેવતાઓ વિના એમનો કોઈ છૂટકો નથી થઈ શકતો. એટલે પરલોકવાળા દેવતા હોય કે ન હોય, પણ અંગ્રેજોએ દેવતારૂપે એમના ઉપર રહેવું જોઈએ. નહિતર એ કોઈ બીજાના ગુલામ થઈ જશે. અંગ્રેજોની ચુગાલમાંથી છૂટશે તો ચીનાઓના ગુલામ થઈ જશે. ગુલામી વિના એમને ચેન નહિ પડે, ગુલામ એમની મનોવૃત્તિ છે. ગુલામી એમની ફિલોસોફી છે, એમની શકિત છે એવું એણે છાપ્યું છે. જ્યારે મેં એનું પુસ્તક વાંચ્યુ તો પહેલાં મને ખૂબ ગુસ્સો આવ્યો. પછી જ્યારે મેં ધીરેધીરે બધા પ્રકરણ વાંચ્યાં, એ જાણવા માટે કે જોઇએ તો ખરા કે તેણે જે આક્ષેપો કર્યા છે તે આપણને લાગુ પડે છે કે નહિ. જ્યારે મેં એ દૃષ્ટિએ જોયું તો માન્યું કે આ વાત સો ટકા સાચી છે કે આપણે માનસિક દૃષ્ટિએ ગુલામ, ભવિષ્ય બનાવવા માટે ગુલામ, આપણી સમસ્યાઓ હલ કરવા માટે ગુલામ અને આપણી મનોકામનાઓ પૂરી કરવા માટે દેવીદેવતાના ગુલામ છીએ. આ મનઃસ્થિતિ અને પરિસ્થિતિના કારણે ત્યારે અસંખ્ય લોકો ગુસ્સે ભરાયા હતા, પણ વાસ્તવિકતા તો આ જ હતી.

મિત્રો ! ભગવાનને સાચી રીતે જાણવા માટે ત્યારે એક બીજો પણ ધર્મ ફેલાયેલો હતો. તેનું નામ હતું – જૈન ધર્મ. જૈન ધર્મ શું છે ? જૈન ધર્મને જરા વાંચો. તેણે ભગવાનનો એવો સફાયો કર્યો છે કે તેનું નામનિશાન મિટાવી દીધું છે. તેમણે કહ્યું કે કોઈ ભગવાન નથી હોતો અને ભગવાનની ભકિતની જરૂર નથી. આપ જૈન ધર્મની ફિલોસોફી વાંચો, જૈન ધર્મના સિદ્ધાંત વાંચો, એમાં ભગવાનનું નામ પણ નથી. તેમાંથી ભગવાનનું નામ કાપીને ફેંકી દેવામાં આવ્યું છે. ઠોકર મારીને ભગવાનને ભગાડી દેવામાં આવ્યા છે. કયા ભગવાનને ? જે આપની મનોકામના પૂરી કરવામાં મદદ કરે છે. એ ભગવાનને તેમણે ફેંકી દીધા છે. જૈન ધર્મમાં ભગવાનને કોઈ અવકાશ નથી. મિત્રો ! ભગવાનને અવકાશ તો હતો અને છે જ, પરંતુ એ ભગવાન કે જે આપની ચાપલૂસીથી પ્રસન્ન થઈ જાય છે.

એ ભગવાન જે આપણી ખુશામતની રાહ જુએ છે, એ ભગવાન જેને આપણી અગરબતી વિના ચેન પડતું નથી, એ ભગવાન, જે આપણી સાથે નરમ વ્યવહાર અને આપણી ભલામણ કરતા રહે છે. આપનાં પૂજાપાઠનાં રમકડા જોઇએ, આવા ભગવાનને બંને ધર્મોમાંથી હટાવી દેવામાં આવ્યાં.

દેવવાદના નામે અજ્ઞાન

મિત્રો ! હિંદુ ધર્મમાં એ જમાનામાં એક બીજી ક્રાંતિ થઈ. લગભગ એ જ જમાનામાં બીજી સમકાલીન ક્રાંતિઓ પણ થઈ. ત્યારે પ્રત્યેક ક્ષેત્રના પ્રગતિશીલ લોકો સમજયા કે આ અમારે માટે નુકસાનકારક ચીજ છે, હાનિકારક ચીજ છે. એ મનુષ્યના ઉત્થાનમાં કોઈ મદદ નથી કરતી, પરંતુ મનુષ્યના અધઃપતનમાં મદદ કરે છે. દેવવાદના નામે, પૂજાપાઠના નામે, મંત્રતંત્રના નામે, મનોકામના નામે આ જે અજ્ઞાન ફેલાવી દેવામાં આવ્યું છે તે નુકસાન સિવાય બીજું કંઈ જ કરી શકતું નથી. હિંદુ ધર્મમાં એક બીજા સમકાલીન મહર્ષિ થયા, તેમનું નામ હતું – જગદ્ગુરુ શંકરાચાર્ય, આદ્ય શંકરાચાર્યએ વેદાંતની ફિલોસોફીનું પ્રતિપાદન કર્યું. વેદાંત શું છે ? વેદાંતનો અર્થ છે – નાસ્તિકવાદ. નાસ્તિકવાદનો અર્થ શું થાય છે ? એ જ કે ભગવાનનું જે પરાવલંબન છે તેને કાપીને ફેંકી દેવામાં આવે. આપ વેદાંતના સમસ્ત ગ્રંથો વાંચો, પંચદશી વાંચો, બ્રહ્મસૂત્ર વાંચો, બધા ગ્રંથો વાંચો અને જાણો કે વેદાંત શું છે ? ” અયમાત્મા બ્રહ્મ ” એટલે કે આ જે આત્મા છે તેનો જ સ્વચ્છ કરેલો હિસ્સો છે તે ભગવાન છે. “તત્વમસિ”, પ્રજ્ઞાનં બ્રહ્મ”, “ચિદાનંદોઽહમ્ “, “સચ્ચિદાનંદોઽહમ્”, “સોઽહમ્ ” જેટલા પણ વેદાંતના મહાવાકયો છે તે ફકત એ બતાવે છે કે આપે ભગવાનની શોધમાં બહાર જવાની કોઈ જરૂર નથી. ભગવાનની ખુશામત કરવાની કોઈ જરૂર નથી.

મિત્રો ! હવાની ખુશામત કરવાની કોઈ જરૂર નથી, સૂરજની ખુશામત કરવાની કોઈ જરૂર નથી. આપ તડકામાં જઈને બેસો અને સૂરજની ગરમી અને પ્રકાશનો ફાયદો ઉઠાવો. ના સાહેબ ! અમે સૂર્યનારાયણને પ્રાર્થના કરીશું કે તેઓ અમારા ઘરમાં આવીને પ્રકાશ ફેલાવે.

ના બેટા ! સૂરજ ભગવાનને કોઈ ફુરસદ નથી. તું તડકામાં જઈને બેસ અને સૂરજનો ફાયદો ઉઠાવ. ના મહારાજજી ! અમે તો પ્રાર્થના કરીશું કે સૂરજ ભગવાન પોતાનો નિયમ બદલે અને અમારા ઘરમાં ઘૂસી જાય. રાત્રે ચાર કલાક બેસીને ચાલ્યા જાય. ના બેટા ! એમ થઈ શકતું નથી. ભગવાનનો એક કાયદો, એક કાનૂન છે. તેના પર ચાલવું પડશે. તે સિવાય દુનિયામાં બીજી કોઈ રીત નથી, તેનો આપ ફાયદો ઉઠાવી શકો. આજની વાત સમાપ્ત... ૐ શાંતિ :

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-3

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.